# સુદામો દીઠ શ્રીકૃષ્ણદેવ રે!

## શ્રીકૃષ્ણની પટરાનીઓ તેમની કઈ-કઈ સેવા કરતી હતી ?

- રુક્મિણી શ્રીકૃષ્ણના પગ દબાવતી હતી, શ્રીવૃંદા પંખો નાખતી હતી. ભદ્રાવતી હાથમાં અરીસો લઈને ઉભીહતી. જાંબુવતી જળની ઝારી લઈને ઊભી હતી, સત્યા શ્રીકૃષ્ણને કેસર, ચંદન જેવા સુંગધી પદાર્થોનો લેપ કરતી હતી, કાલિંદી અગર ઉખેડતી હતી, લક્ષ્મણા તંબોળ લાવી હતી અને સત્યભામા એ પાનનું બીડું શ્રીકૃષ્નની પટરાણીઓ તેમની વિવિધ પ્રકારની સેવા કરતી હતી.

## સુદામાના આગમનની શીકૃષ્ણ પર શી અસર થઈ ?

- ેઉદામાના આગમનની જાણ થતાં જ શ્રીક્રષ્ણ 'હેં હેં' કરતાં સફાળા ઉઠ્યા અને દોડ્યા. પગમાં મોજડી પહેરવા પણ રોકાયા નહીં. દોડતાં દોડતાં તેમનું ખભે નાખેલું પીતાંબર પગમાં ભરાઈ જતું હતું. તેમના હૈયામાં આનંદ સમાતો નહોતો. એમને દોડવાથી શ્વાસચડતો હતો,તેઓ હાંદી રહ્યા હતા. ક્યારેક તેઓ જમીન પર ઢલી પડતા અને ફરીથી બેઠા થતા. સુદામા પાસે પહોંચવાની અને એમને મળવાની ઉતાવળમાં શ્રીકૃષ્ણને એક પળ જુગ લાગતી હતી.

## શ્રીકૃષ્ણ અને સુદામાના મિલનનું દ્રશ્ય તમારા શબ્દોમાં વર્ણવો.

- શ્રીક્રષ્ણ અને સુદામાનું મિલન ચારે વર્ણના લોકો આશ્ચર્યથી જોઈ રહ્યા હતા. આકાશના દેવો પણ વિમાનમાં બેસીને આ દ્રશ્ય જોઈ રહ્યા હતા. શીકૃષ્ણ સુદામાને નીચે નમીને પગે લાગ્યા. સુદામાએ હાથ પકડીને શ્રીકૃષ્ણને ઊભા કર્યા. એમને હૈયા સરસા ચાંપ્યા. એમને ગાઢ આલિંગનમાં લીધા. શ્રાવણ મહિનામાં જેમ છાપરાં પરથી વરસાદનાં પાણીની ધાર પડે તેમ એ વખતે સુદામાને જોતા જ શ્રીકૃષ્ણની આંખમાંથી આંસુ વહેતાં હતાં. સુદામાએ શ્રીકૃષ્ણનાં આંસુ લુછ્યાં. શ્રીકૃષ્ણે સુદામાના હાથમાંથી તુંબીપાત્ર લઈ લીધું અને કહ્યું " તમે અહીં આવીને મારા ગામને પવિત્ર કર્યું. હવે મારા ધામ ને પાવન કરો."

## સત્યભામાએ સુદામાની કેવી રીતે મજાક કરી ?

- સુદામાને ધૂળથી ખરડાયેલો દેહ તથા ગરીબ અને કંગાળ જેવી દશા જોઈને સત્યભામા મજાક કરતાં બોલ્યા, "આ શા ફૂટડા મિત્ર સુદામા ! આવા દ્વરિદ્ર અને કદરૂપા સુદામાને મળવા આ શ્રીકૃષ્ણ શું જોઈને દોડીને ગયા ? બંનેની નાનપણની માયા ભારે કહેવાય. બંને મિત્રોની જોડી જોવા જેવી છે. શ્રીકૃષ્ણે શરીરે સુગંધી લેપ લગાડ્યો છે, જ્યારે સુદામાએ શરીરે જાણે ભસ્મનો લેપ કર્યો છે. કોઈ બાળક બહાર નીકળશે અને સુદામાના આવા રૂપને જોશે તો જરૂર છળી મરશે."

## શ્રીકૃષ્ણના વૈભવનું વર્ણન કરો.

- શ્રીકૃષ્ણ દ્વારિકા નગરીના એક રાજા છે. તેઓ રાજમહેલમાં હિંડોળાખાટ પર સૂતા છે. તેમને આઠ પટરાણીઓ છે. તે પટરાણીઓ તેમની વિવિધ પ્રકારે સેવા કરે છે. ત્યાં જાતજાતનાં વાજિંત્રો વાગે છે. વાજિંત્રોના તાલે મુગ્ધા બાલકિશોરી, શ્યામછબીલી, હંસગામિની, ગજગામિની, મૃગનયનની યુવતીઓ નાચગાન કરીને શ્રીકૃષ્ણને રીઝવે છે.

## તમને કેવો મિત્ર ગમે ? શા માટે ?

- જેનામાં સાચો મિત્રપ્રેમ, વફાદારી, પ્રામાણિકતા, શિક્ષક પ્રત્યે રુચિ, ખાનદાની જેવા ઉમદા ગુણો હોય એવો મિત્ર મને ગમે; કારણ કે એવો મિત્ર જ હંમેશાં મૈત્રી નિભાવી શકે છે, સુખદુ:ખમા6 આપની સાથે રહે છે. એ ક્યારેય દગો દેશે નહી અને ભણવામાં પણ આપણને સાથ આપે છે.

## બ્રાહ્મણને દ્વિજ શા માટે કહેવાય છે ? અન્ય કોના કોના માટે દ્વિજ શબ્દ વપરાય છે ?

- બ્રાહ્મણ એક વાર માતાની કૂખે જન્મે છે. બીજી વાર યજ્ઞોપવિત સંસ્કારથી તેને બીજો જન્મ મળે છે. આથી ભ્રાહ્મણ 'દ્વિજ' કહેવાય છે. બ્રાહ્મણ ઉપરાંત ક્ષત્રિય અને વૈશ્ય માટે પણ 'દ્વિજ; શબ્દ નો ઉપયોગ થાય છે. પંખી પણ 'દ્વિજ' કહેવાય છે; કારણ કે તેનો એક જન્મ ઇંડા સ્વરૂપે અને બીજો જન્મ ઇંડામાંથી પક્ષી રૂપે થાય છે.

## તમારા ઘેર આવેલ મિત્રની મહેમાનગતિ કેવી રીતે કરશો ?

- હું મારા ઘેર આવેલ મિત્રનો પ્રેમથી અતિથિસત્કાર કરીશ. તેને પ્રેમથી ભેટીશ. મારા કુટુંબીજનોનો એને પરિચય કરાવીશ અને મારા કુટુંબીજનો આગળ સાચા મિત્ર તરીકે એને બિરદાવીશ. અમે મળીને જમીશું. વાતો કરીશું અને ફરવા જઈશું.

## પિંગલ જટાને ભસ્મે ભરિયો રે, ક્ષુધારૂપિણી સ્ત્રીએ તે વરિયો રે.

- કૃષ્ણની દ્વારિકાનગરીના મહેલના દરવાજે આવીને એક ભ્રાહ્મણ ઊભો છે. એ ચાલીને આવ્યો હશે એટલે રસ્તાની ધૂળ ઊડતાં એના માથાની જટા ભુખરી થઈ ગઈ છે. એણે શરીરે ભસ્મ ચોળી છે. પણ એનું શરીર ધુળથી ખરડાયેલું છે. સુદામા જાણે ખુખરૂપી સ્ત્રીને પરણ્યા હોય એટલો એનો દેહ ભુખથી કૃશ થઈ ગયેલા દેખાય છે. આ પંક્તિ એ બ્રાહ્મણની અત્યંત દરિદ્ર અવસ્થાને સૂચવે છે.